# ❁ નાટક - બાપુ ઊતર્યા સ્વર્ગે થી ❁

( બાપુ સીધા સ્વર્ગલોકમાંથી ભારતમાં આવે છે. એમાં ખાસ તેમના સાબરમતી આશ્રમ આગળ ઉતરાણ કરે છે)

બાપુ: (સ્વગત) કેટલા વર્ષે અહીં આવ્યો છું? પુરા 62 વર્ષ થઈ ગયા. અહો કેવો સુંદર મારો દેશ હશે ? કેવું સુંદર મારું ગુજરાત હશે ? એથી સુંદર મારો સાબરમતીનો આશ્રમ હશે. મારા અનુયાયીઓ સાથે મળીને રહેતા હશે ? મેં પહેલી પ્રવૃત્તિઓથી મારો આશ્રમ ધમધમતો હશે ? આજે તો કદાચ દરેક વ્યક્તિના હાથમાં રેંટીયો હશે મોટાભાગના લોકો તેમની કાંતેલી ખાદીના કપડાં પહેરતા હશે ? આ ગાંધી અને ખાદી બે નામ ઘરે ઘરે ગુજતું હશે. અહી 62 વર્ષ થઈ ગયા. આજે મને ખાસ મન થઈ ગયું કે યમરાજ તો ના પાડી હતી કે જશો નહીં પણ મારું મન માન્યું નહીં. જુઓ ને આ યમરાજ પણ જબરા છે ! કશી વિગતે વાત વાત જ નથી કરતા. બસ એટલું જ કહેતા હતા કે ભારતની ચિંતા ના કરશો. તમને કશું કહેવા જેવું નથી. મને એમ થતું કે ચિંતા કરવા જેવી નથી એટલે કશું કહેવા જેવું નથી એટલે મારો દેશ લીલા લહેર કરતો હશે. આઝાદીનો અર્થ બરાબર પચાવ્યો લાગે છે મારી આવવાની જેમ જેમ ખબર પડશે, તેમ મારા અનુયાયીઓ દોડતા દોડતા આવશે. તે આ બધી વિગતે વાતો કરશે પુરા 62 વર્ષની રજે રજ વિગતો કહેશે. બાપુ... બાપુ ...કરતાં ટોળે વળી જશે. મને આજ આટલો આનંદ છે તો તેમને તો કેટલો બધો આનંદ થશે.?

(બાપુ સાબરમતી આશ્રમમાં પ્રવેશે છે. દરવાજા પર કોઈ નથી. સિક્યુરિટી વાળો ભાઈ સામે પાનના ગલ્લે સિગારેટ પીવા ગયો છે. બાપુ અંદર જાય છે ત્યાં આશ્રમમાં સફાઈ કામદાર છગન દોડતો દોડતો આવે છે).

છગન: એય કોણ છે? એય બહાર નીકળ. બહાર નીકળ અહી કશું નહિ મળે. બહાર નીકળ ....સા.... (ગાળ બોલવા જાય છે.)

બાપુ: અરે ભાઈ, તે મને ના ઓળખ્યો હું તો આ આશ્રમનો માલિક છું. મોહનદાસ કરમચંદ ગાંધી ઉર્ફે મહાત્મા ગાંધીજી (બાપુ) તું મને બહાર કાઢે છે. ?

છગન : એ ય ના જોઈ હોય તો મોટી બાપુ વાળી, છાની માની બહાર નીકળને, નહિ તો હમણાં એક આપે (સાવરણો બતાવીને) તો બાપુનું ભૂત નીકળી જશે. કહું છું. ભાગ લ્યા. ન કર પડશે એક સાવરણો. પેલો સિક્યુરીટીવાળો આવશે તો તારું આ ધોતીયું ય કાઢી લેશે.

બાપુ: અરે ભાઈ, થોડો શાંત થા, વિનમ્ર બન, ને મારી વાત શાંતિ થી સાંભળ. ગુસ્સે ન કર. હિંસાની વાત ન કર. હું જ મહાત્મા ગાંધી છું. સ્વર્ગલોક માંથી સીધો અહી મારો આશ્રમ જોવા આવ્યો છું. બરાબર જો હું કંઈ બહુરૂપિયો નથી અસલ 'મહાત્મા ગાંધી' છું. મોહનદાસ કરમચંદ ગાંધી (પોરબંદર વાળો.)

છગન: (બાપુને બરાબર તપાસીને) **Sorry** બાપું, **Sorry** માફ કરજો. હું તમને ઓળખી શક્યો નહી.પણ શું કરું બાપુ, અહી તો ઘણા હૈડયા આવે છે. કોઈ પૂછડું લગાવી હનુમાન બનીને આવે છે અને કોઈ ધનુષબાણ લઈ રામ બનીને આવે છે એટલે જેવા તેવાને પેસવા ન દેવાય, મને એમ કે તમારો વેશ પહેરી કોઈ નાટકવાળો બહુરૂપી હશે. સોરી બાપુ, બાપુ અંદર આવો તમારું જ ઘર છે.

બાપુ : કંઈ વાધો નથી. ભાઈ તારું નામ શું છે. તું અહી શું કરે છે ?

છગન: બાપું બધા મને છગન ભડભડીયો કહે છે. સરકારે મને અહીં સફાઈ કામદારની નોકરી આપી. છે.

બાપુ : ઠીક ઠીક પણ છગન મારા અનુયાયીઓ કયાં ગયા? કેમ કોઈ દેખાતું નથી ? મારો આશ્રમ ઉજજડ કેમ છે ? કેમ કોઈ ચકલુંય ફરકતું નથી.

છગન : બાપુ તમે ઉપર ગયાને, તમારા અનુયાયીઓ સૌ સૌ ને ઘરે ગયા, કોઈ બાપોય રહેવા તૈયાર નથી. સરકારે તમારા ઘરને સ્મારક બનાવ્યું છે. તમે આજે ગુરૂવારે ખોટા આવ્યા. જુઓ, બાપુ તમારે ગુરુવારે, શનિવારે અને રવિવારે બિલકુલ નહિ આવવાનું ?

બાપુ : એવું કેમ છગન?

છગન : બાપુ ગુરુવારે બધા સાઈબાબાને મંદિર દર્શન કરવા જાય. શનિવારે હનુમાનજીના મંદિરે દર્શન કરવા જાય અને રવિવારની તો બાપુ વાત જ ન કરશો બિગ બજારમાં, મલ્ટિપ્લસ થિયેટર અને ક્લબમાં થઈ જાય, રવિવારે ભૂલે ચૂકે ક્યાંય જગ્યા ના હોય તો થોડા ઘણા પિકનિક કરવા આવે અને ક્યાંક લવરીયા આવે (એકાંત જોઈ) બાપુ સાવ સાચું કહી દઉં ? અમદાવાદના લોકોમાંથી 80% લોકોએ તમારો આશ્રમ જોયો નથી બાપા.

બાપુ : અલ્યા મારો આશ્રમ પિકનિક પોઈન્ટ બની ગયો. પ્રેમી -પંખીઓને માળો બની ગયો. અરે આ શું થઈ ગયું ?

છગન : બાપુ આમ નેહાકાના નાખશો. ભઈ.. હૃદય સારું રાખજો. આ તો આફ્ટર શોક છે. હજુ ધરતીકંપ જોવાના બાકી છે. હેડો હું તમને તમારો મુલક બતાવો. તમે ચોક ભૂલા પડશો. (છગન ગીત ગણ ગણે છે.. હાલ તને હાલ તારો દેશ બતાવું.. હાલ તને હાલ અમદાવાદ બતાવું... હાલ તને હાલ ગુજરાત બતાવું. તારો દેશ બતાવું.

બાપુ: હા છગન તારી વાત સાચી છે. 62 વર્ષ થઈ ગયા એટલે રસ્તાઓ એ બદલાઈ ગયા છે. છગન સાબરમતીના દર્શન કરી લઈએ. તે પહેલા મારો આશ્રમ બરાબર જોઈ લેવા ઈચ્છું છું.

(બાપુ આશ્રમ જુએ છે. હૃદયકુંજ જુએ છે. પ્રદર્શન - પુસ્તકાલય વગેરે તેમજ આશ્રમના બંધ પડેલા મકાનો જુએ છે.)

મારો આશ્રમ કેવો વેરાન પડ્યો છે? હું હતો ત્યારે કેવો ધમધમતો હતો? છગન આ શું થઈ ગયું ?મારા આશ્રમને કોઈની નજર લાગી છે કે શું ?

છગન : ભારતના નેતાઓની નજર લાગી છે હવે કદાચ અમદાવાદના કોન્ટ્રાકટરોની નજરમાં હોય તો નવાઈ નહીં.

બાપુ : છગન તું શું કહેવા માગે છે ?

છગન : બાપુ સરકાર મંજુરી આપે તો અમદાવાદના કોન્ટ્રાકટરો કાંકરીયા તળાવ ખાલુ કરી એપાર્ટમેન્ટો બનાવી દે તેવા છે. અને તમારા આશ્રમમાં તો ઘડીના છઠ્ઠા ભાગમાં ફ્લેટો બનાવી દે. પણ હજું એટલી હદે જવાની ઘણી વાર છે.

બાપુ : છગન.... છગન .. પ્લીઝ આવું ન બોલ. મારાથી સંભળાતું નથી. ચાલ હવે સાબરમતી નદી જોવા જઈએ. (બંન્ને સાબરમતિ નદીના કિનારે આશ્રમની પાછળ જાય છે.) અને આ..હા.. હજુય એવીને એવી મારી સાબરમતી નદી છે. છગન હું આમાં રોજ વહેલા ઉઠીને સ્નાન કરતો હતો.

છગન : બાપુ, આ સાબરમતી નદી નથી.

બાપુ : છગન શું કહે છે તું?

છગન : બાપુ તમને કઈ રીતે સમજાવું એ જ મને સમજાતુ નથી. આ સાબરમતી નદી નથી.

બાપુ : છગન તું શું કહે છે. શું આ સાબરમતી નદી નથી.?

છગન : મારો, કહેવાનો મતલબ આ સાબરમતી નદી છે પણ તમે જે પાણી જુઓ છો તે સાબરમતીનું નથી.

બાપુ : લે કેવી વાત કરે છે. સાબરમતીનું પાણી નથી.

છગન : હા.. બાપુ આ તો નર્મદાનું પાણી છે. નર્મદા નદી માંથી પાણી લાવી ને સાબરમતીમાં ઠાલવ્યું છે.

બાપુ : છગન, તો સાબરમતી નું પાણી કયાં ગયું ?

છગનઃ બાપુ, તમે સ્વર્ગ સીધાવ્યા ને તે ય તમારી હારે સ્વર્ગમાં જતું રહયું. બાપુ હવે આમાં સ્નાન કરવાની ઈચ્છા કરતા નહી.

બાપુ : કેમ છગન ?

છગન : બાપુ હવે એકેય નદીમાં શુધ્ધ પાણી રહ્યું નથી. ગૃહઉધોગ પડી ભાંગ્યાને મીલો થઈ ગઈ બંધ. ફેક્ટરીને કારખાનાં ઉભા થયા, ઉદ્યોગપતિને ઘેર આનંદ. બાપુ ફેક્ટરી, કારખાના અને ગટરોના ગંદા- કેમીકલ યુક્ત પાણી બેરોકટોક નદીઓમાં ઠાલવવામાં આવે છે.

બાપું : શી...શી... તો તો ના નવાય. તો પછી નાહવા નું કયાં ?

છગન : વોટરપાર્કમાં બાપુ વોટર પાર્કમાં.

બાપુ : વોટર પાર્ક વળી શું ?

છગન : બાપુ : બાપુ તમે તો એવાને એવા રહયા, સ્વર્ગમાં ગયા તોય સુધર્યા નહી. બાપુ વોટરપાર્ક એટલે માણસોને સમુહમાં નાહવાના હવાડા, ગામડાંમાં તળાવમાં ભેંશો નાય,એમ માણસોને નાહવાના નાના નાના તળાવ-હવાડા એટલે વોટર પાર્ક અને બાપુ વોટર પાર્કમાં તો છોકરા – છોકરીઓ, કાકા-કાકીઓ, ડોહા-ડોશીઓ નાનાં મોટા બધાં અડધા નાગા પૂંગા થઈ, જાત-પાતના ભેદભાવ ભૂલી નહાય. એકબીજા ઉપર પાણી ઉછાળે. મજા કરે બાપુ મજા. બાપુ બહું મજા આવે. !

બાપુ : છીં છીં એમાં તો વળી નવાતું હશે, કોઈને ગુમઠાં થયા હોય તોય પડે, રોગવાળો ય પડે, અંદર ગળફા કાઢે, અને માસિક ધર્મવાળી સ્ત્રીઓય પડતી હશે ને, છગન ?

છગન : એવુ તો ખરુ બાપું, એવું બધું કોણ ધ્યાન રાખે ? જલશા કર બાપુ.... જલશા કર.

બાપુ : ધૂળ પડે એવા જલશામાં.... આપણું નાહવાનું કેન્સલ, ચાલ, હવે મને મારું પ્યારુ શહેર અમદવાદ શહેર બતાવ. મારો ભોમિયો બની જા આજે.

છગન : તમેય બાપુ ક્યારથી શહેરને મહત્વ આપવા લાગ્યા? તમે તો કહેતા હતા કે ગામડાંને અધ્ધર લાવો.ગામડાને અધ્ધર લાવો. બાપુ સાચુ કહું હમણાં શહેરમાં જવાનું માંડી વાળો. પહેલા ગામડાંઓમાં આંટો મારી આવીએ.

બાપુ : છગન, ના મને ગામડાં હજુય ખૂબ વહાલાં છે. આ તો નજીક શહેર છે તો જઈ આવીએ પણ તું શહેરમાં જવાની કેમ ના પાડે છે ?

છગન : બાપું હમણાં શહેરમાં હુલ્લડ ચાલે છે. કયારે ઝપાઝપી થાય ને કયારે કોઈનું ઢીમ ઢળી જાય તે નકકી નહી. કયારે કરફ્યું લાગુ પડે તેની નવાઈ નહી? તમારી હારે મને ચાંક વાગી બેસે. તમારે તો ઠીક છે આગળ પાછળ કોઈ નથી પણ મારે બૈરી છોકરાં છે.

બાપુ : હા ભાઈ હા ચાલ પહેલા ગામડાઓ જોવા જઈએ. પછી શહેર જોવા જઈશું. જવું છે ખરું, પહેલા મારું ગામ સ્વરાજ જોઈ લઉ. ૬૨ વર્ષ પછી મારા દેશના ગામડાંની મુલાકાતે જઈ રહ્યો છું.

છગન : હા બાપુ ચાલો જોવા જઈએ. (<u>નેપથ્ય માંથી 'રંગભર્યું નાનું રૂપાળું મારું ગામડું''</u> ગીત વાગે છે. પછી તરત 'સત્ય, અહિંસા ચોરી ન કરવી' ગીત વાગે છે. "વૈષ્ણવજન ગીત''ની પંકિતઓ સંગીતમય અવાજે વાગે છે.)

(બંન્ને એક ગામડાંમાં પ્રવેશ કરે છે. એક માણસ ડાબા હાથમાં સંડાશનું ડબલુ અને જમણા હાથમાં મોબાઈલ કાને રાખી વાતોમાં મસ્ત બની જતો હોય છે.)

બાપુ : છગન, હજુ લોકોએ "ડબલા અભિયાન'' મૂક્યું નથી. મને એમ કે મારા આઝાદ દેશના ગામડાઓમાં ઘરે ઘરે જાજરૂ હશે ! "ગામની આબરૂ - ઘરમાં જ જાજરૂ'' પણ આ હું શું જોઈ રહયો છું. આઝાદી ના ૬૨ વર્ષ પછીય મારા દેશની આ હાલત... છગન પેલો માણસ કાને હાય રાખી શું રીયાઝ કરી રહયો છે ?

છગન : બાપુ ડાબા હાથમાં સંડાશનું ડબલુ ને જમણા હાથમાં સંગીતનું ડબલું.. સંગીત સાભળતાં સાંભળતાં સંડાશ જઈ રહયો છે. આપણા દેશે ખૂબ પ્રગતિ કરી છે. હો... બાપું....

બાપુ : છગન સંગીતનું ડબલું એમાં કંઈ ખબર ન પડી.

છગન : બાપુ તમે તો એવા ને એવા રહયા, જરાય ના સુધર્યા. તમારા સ્વર્ગલોકમાં મોબાઈલ નથી.

બાપુ : મોબાઈલ ઈ વળી શું ?

છગન : બાપુ સંગીતનું ડબલું એટલે મોબાઈલ, અને મોબાઈલ એટલે વાયર વગરનો ફોન, વાયર વગરનું ટેપ રેકોર્ડર, વાયર વગરનું ટી.વી. બાપુ અંદર સીનેમા ય દેખાય.

બાપુ : વેરી ઈન્ટરેટીંગ મેટર છગન, શું વાત કરે છે ? આ સંગીતનું ડબલું, કેટલા રૂપિયામાં મળે છે. ?

છગન : બાપુ.... બાપુ.... રૂપિયાની વાત નહી કરવાની, જેવું તેવું ડબલું લો તો ય પંદરસો બે હજાર તો ખરા, અને સારું તો ત્રણ થી માંડી ત્રીસ હજાર સુધી અને ચીનના મોબાઈલ તો આપણા દેશ કરતાંય સસ્તા છે ને, રૂપાળા કેવા 'એશ્વર્યારાય' જેવા. પણ જો નેચર પટકાય તો હાચુકલું 'ડબલું' બની જાય.

બાપુ : છગન...... ચીનના મોબાઈલ ???? ભારતમાં...શું આપણાં દેશમાં સ્વદેશી મોબાઈલો નથી બનતા શું? વિદેશી વસ્તુઓની હોળીઓ કેમ કોઈ કરતું નથી?

છગન : બાપુ... બાપુ.... એ વાત રહેવા દો, તમે વધારે બોલશો ને, કોક સાભંળી જશે તો તમારા ભેગી મારી ય હોળી કરી દેશે. હવે હોળીઓ કરવાની વાત પતી ગઈ. બાપુ હવે જોળીઓ ભરવાની વાત ચાલે છે. દરેક મંત્રીશ્રીના સ્વમુખે એક જ ગીત રમી રહયું છે. " મેં તેરે દર પે આયા હું, કુંછ કરકે જાઉગા, જોલી ભરકે જાઉગા યા મરકે જાઉગા,"

બાપુ : છગન તું શું કહેવા માગે છે? કંઈક ફોડ પડે તેમ બોલ.

છગન : બાપુ, તમારા ગયા પછી તમારા (કહેવાતા)અનુયાયીઓ એ તમારા આદર્શો અને સિધ્ધાંતોના ટોપલાં બાંધ્યા પછી તેને માળીયામાં ચઢાવી દીધા. માળીયાને ખંભાતી તાળું મારી દીધું. બધા નેતાના મોઢે એક જ વાત. 'વર મરો કન્યા મરો પણ ગોરનું તરભાણું ભરો,' બધાય પોતાની જોળીઓ ભરવામાં મસ્ત છે, મધ્યમવર્ગ ચૂંસાઈ રહયો છે. શોષાઈ રહયો છે. મરવાના વાંકે જીવી રહ્યો છે.

બાપુ : છગન, તો કોઈ તેમની સામે, આંદોલન કેમ કરતું નથી ?

છગન : બાપુ, લોકોની બકરી... બેં...બેં... થઈ ગઈ છે. કાળજાળ મોંધવારીના જમાનામાં પેટ ના ખાડા ભરવાના ફા... ફા પડે છે. ત્યાં આંદોલનો કેમ થાય ?

બાપુ : છગન તું આ શું કહી રહ્યો છે ?

છગન : બાપુ, 'નગ્ન' સત્ય 'નગ્ન' સત્ય. તમારા દેશનો 'નગ્ન' સત્ય ચિતાર... ચાલો આગળને... જોતાં જાવ સાભંળતા જાવ.... તમારા સ્વપ્નના ભારતનો ..

(છગન ગીત -ગઝલ લલકારે છે)

આ આઝાદી ભરેલા યુગમાં કંઈક અવનવું થાય છે.
રોજ મંદિરે મસ્તક નમાવે તે, નત મસ્તક રહી જાય છે.
મંદિર તરફ મુખ ન કરે તે મોક્ષધામ ભણી જાય છે.
પાડા અહીં પીર થઈ પૂજાય છે ને, ગાય ગોથા ખાય છે.
બકરી તો અહી બેબી જણે ને, કેટલીય વાંઝણી રહી જાય છે.
સંસ્કારી તો છેટા રહે ને પાપી અહી પૂજાય છે.
સદગુણીને ખાવાના સાંસાં ને, દુર્ગુણી ડબલ ખાય છે.
સારાનો તો કોઈ ભાવ ન પૂછે ને, રાશી રાજા થાય છે.
નેકને અહીં ઠેક વાગે ને, નઠારાને બેઠા બેઠ છે.
ભલે ન નોંધાય આ દુન્યવી ચોપડે, હરિને ત્યાં હિસાબ થાય છે.
અહી ભલે ' આજા ' કેસ પેન્ડિંગ રહે પણ,
હરિને ઘેર સરખો ઝડપી ન્યાય છે.

બાપુ : તારી વાત બિલકુલ સાચી છે. હું તો સ્વર્ગલોક માંથી આવ્યો છું એટલે મને બધીય ખબર છે.. હશે છગન પણ મને એ તો કહે લોકોના ઘરે ઘરે રેંટિયા તો હશે ને? લોકો રેંટિયાથી કાંતેલી ખાદી પહેરતા હશે નહી ? લોકો તો મને નહી ભૂલ્યા હોય!! ભલે નેતા લોગ ભુલી ગયા.!! લોકોને તો મારી ઓળખાણ પિછાણ થઈ હશે ?

છગન : અરે બાપુ, હું જ તમને કયાં ઓળખી શકયો હતો ? બધાના ઘરમાં રેંટિયા નથી, પણ ઘરે ઘરે રેડિયા છે. ઘરે ઘરે મોબાઈલ છે. ઘરમાં જાજરૂ ના હોય પણ મોબાઈલ હોય. વહુ દિકરીને ખુલ્લામાં જાજરૂ જવા મોકલે. પણ રેડિયા કે મોબાઈલ વિના ન ચાલે !! તેમને મન વહુ બેટીની ઈજ્જત કરતાં પોતાની લિજજત (મોજશોખ) વધારે વહાલી છે. ઘેર ઘેર રેડિયા બાપુ ઘેર ઘેર એફ.એમ. રેડિયા.

બાપુ : ઘરે ઘરે એફ.એમ. રેડિયા એ વળી કયું નવું ગતકડું ?

છગન : બાપુ ગતકડું ન કહો પણ ચોવીસે કલાક સદાબહાર ગીતોનો વરસાદ વરસાવતું- બેનમુન રમકડું તે એટલે એફ.એમ. રેડિયો. ઘરે ઘરે તે એફ.એમ. રેડિયો ગુંજી રહયો છે. લોકો એફ.એમ.નાં ભૂંગડો ભરાવી દિવસે તો ફરે છે પણ રાતેય કાને ભૂગડા ભરાવી સૂઈ જાય છે. હાલુલુલુ.... હાલ.... હાલુલુલુ....હાલ.. ને બદલે 'ધૂમ મચાલે ધૂમ મચાલે.. ધુમ' બાપુ પહેલા તો એમ ગવાતું કે,

" મેંરે દેશ કી ધરતી સોના ઉગલે, ઉગલે હીંરે મોતી,
મેંરે દેશ કી ધરતી,
બાપુ આજે કેવુ ગવાય છે ખબર છે !
" મેંરે દેશ કી લડકી હોટલ કલબમેં,
આંધી નંગી આધી રાત કો ફરતી.
મેંરે દેશ કી લડકી.

બાપુ : છી છી છગન આવું ના બોલીશ તુ.!!!

બાપુ.... ઓ... સત્યના પુજારી નગ્ન સત્યને સાભંળવું જ પડશે.

બાપુ : છગન.... છગન... આવુ સાભંળતા પહેલાં મારા કાનમાંથી કીડા કેમ નથી ખરી પડતા ? છગન.... મારા દેશનું શું થવા બેઠું છે ?

છગન : બાપુ કાનમાં કીડા પડવાની વાત કયાં કરો છો?? હજુય આગળ પ્રવાસ કરશો તો કાનમાં શીશું રેડાશે શીશું.!! તમારા દેશનું ધનોત પનોત થઈ ગયું છે.

બાપુ : છગન.... છગન.... કયાં ચાલ્યો ગયો મારો રેટિંયો ? કયાં ચાલી... ગઈ ત્રાંક ? કયાં ગઈ મારી તકલી ? કયાં ગઈ મારી પૂણી ? અને કયાં ગઈ મારી આંટી ? ને કયાં ગઈ મારી ખાદી ? બધુ કયાં ગયું ? બધું કયા ગયું ?... છગન.. બધુ કયાં ગયું ?

છગન : બધું જ બદલાઈ ગયુ છે બાપુ બધુ જ બદલાઈ ગયું છે.
તમારા રેટિયાને બદલે એફ.એમ. રેડિયો.
તમારી તકલીને બદલે માથામાં ટકલી થઈ છે (ટાલ પડી છે.)
તમારી પૂણીને બદલે પાણી પુરીએ માજા મુકી છે.
તમારી આંટીને બદલે જયાં જુઓ,નેતાઓની આટીઘૂંટીને દમદાટી ચાલે છે.
તમારી ત્રાંક ને બદલે આતંક ત્રાશ ફેલાયો છે.
તમારી ખાદીને બદલે ઘેર ઘેર બરબાદી આવી છે.

બાપુ : બસ.....છગન ....બસ.

છગન : બાપુ સાભંળ્યા વિના છુટો નથી.

બાપુ: છગન હજુય ગામડાંમાં એ જ ગંદકી, એ જ રોગચાળો, એ જ ખુલ્લી નીકો, એ જ ઉકરડાં, એ જ રહેણી કહેણી, એ જ માંદગી, અને એ જ કુરિવાજો, છગન જે બદલાવાનું હતુ. તે બદલાયુ નથી અને ન હતી, જરૂર તે બદલાઈ ગયું છે. છગન હવે મારે વધારે ગામડા જોવા નથી. શહેર જોવાની ઈચ્છા વધી છે. કદાચ શહેર સુંદર હશે ?

છગન : બાપું હવે શહેર પણ જોઈ જ લઈએ. એ અભરખો પણ પૂરો કરી લો. (બન્ને અમદાવાદ શહેરમાં આવે છે. જયાં બાપુનું પુતળુ છે. ત્યાં પહોંચે છે. કોઈ શખ્શ બાપુના ચશ્મા ચોરી ગયો છે. પુતળા ઉપર હાડીયા બેઠા છે. ગંદકી કરે છે. લોકો દોડા દોડ કરે છે. કોઈને પુતળાની સામુ જોવાનો સમય નથી. બાપુ પોતાનું પુતળુ જોઈને મોટો નિશાસો નાખે છે. છગન, મારા પુતળાની આ દશા ? કેટલું ગંદુ છે ? મારા પુતળા મૂકવાની સત્તા કોણે આપી આ લોકોને ? મારા પુતળા મૂકયા કરતાં મારો જીવન સંદેશ લોકોના હદયમાં મૂક્યો હોત તો કેટલું સારું થાત !

છગન : બાપુ નાહકની ચિંતા ના કરશો તમારું પુતળું ચોખ્ખું ચણાક થાય છે. થઈ જશે. તમે જુઓ તો જરા.

(ત્યાં થોડાક લોકો આવે છે.હાડીયાને ઉડાડે છે. બાપુને નવડાવે છે. પુતળાને ધોવે છે.નવા ચશ્મા લગાવે છે. પોલીશવાળાને બોલાવી પુતળાની દેખભાળ માત્ર એક બે દિવસ પુરતી ખાસ સુચના આપે છે. બંન્ને જણ તમાશો જુએ છે)

છગન : બાપુ જોયું તમારા પુતળાને કેવું નવુ નકોર બનાવી દીધું? ને બે દિવસ સુધી સાચવવાની કેવી સરસ સુચના આપી? તમે સાંભળી નહી ? તમારો ખ્યાલ છે આમને!! બાપુ તમે નાહકની ચિંતા કરો છો.

બાપુ : છગન, શું ધૂળ ચિંતા છે ? એક બે દિવસ પુરતું જ મારા પુતળાને ચોખ્ખુ રાખવાનું પછી નહી, એક બે દિવસ પુરતુ જ ધ્યાન રાખવાનું પછી નહી ? તું પાછો કહે છે નાહકની ચિંતા ના કરશો. પણ આવું કેમ ?

છગન : બાપુ તમને ખબર નથી આવતીકાલે અમારા રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીનો નિર્વાણ દિન છે. મિન્સ આપનો, 'નિર્વાણ દિન' છે તેની ઉજવણી આ લોકો કરવાના છે.

બાપુ : છગન, તો આપણે કાલે વહેલા આવીને મારા નિર્વાણ દિનની ઉજવણી જોઈશું.

છગન : બાપુ કઈ સાર નથી ઉજવણી જોવામાં... બધે પોલીટીકલ ફંડા જ જોવા મળશે. કદાચ પોલીસના ડંડા પણ ખાવા મળે.

બાપુ : છગન પોલીસના દડા કેમ ? ઉજવણી સાદગી પૂર્ણ નથી થવાની ? એમાં પોલીસની શું જરૂર છે?

છગન : : બાપુ, આવતી કાલે ચાર તાલુકાની પોલીસ અહી હાજર હશે.!!!

બાપુ : મારી નિર્વાણદિનની ઉજવણી (સાદગીપુર્ણ ઉજવણી) માં ચાર તાલુકાની પોલીશની શું જરૂર છે.

છગન : બાપુ, તમે તો એવાને એવા રહયા. બાપુ તમને ખબર નથી પણ કહી દઉં કે તમારા નિર્વાણદિનની સાદગીપુર્ણ કરવા આવતીકાલે રાજા હિંદુસ્તાની તમારા પુતળાને સુતરની આંટી પહેરાવી અને પછી ફૂલોનો હાર ચઢાવશે. પછી બધા તમારો જય જયકાર બોલાવશે. ' વૈષ્ણવજનનું' ભજન ગાશે. બધા ગાતા ગાતા તમારા આશ્રમે જશે. રાજા હિંદુસ્તાની બુલેટપુફ ગાડીમાં બેસીને, મોંઘીદાટ ખાદી પહેરીને અને મુલાયમ ગાદી પર બેસીને પ્રાર્થના કરી, તમારા આદર્શોની વાતો કરશે, પછી પાછા ઝટપટ કાર્યક્રમ આટોપી લઈને બુલેટપ્રુફ ગાડીમાં બેસીને ઘરે જઈને લાડી સાથે લીલા લહેર કરશે ને કાર્યક્રમ નો થાક ઉતારશે.

બાપુ : છગન, આ રાજા હિંદુસ્તાની કોણ ? આપણા દેશમાં તો લોકશાહી ચાલે છે તેમાં વળી રાજા હિંદુસ્તાની કોણ નવા આવ્યા.?

છગન : બાપુ, રાજા હિંદુસ્તાનીમાં ખબર ન પડી, લોકશાહીમાં વંઠી ગયેલા નેતાગણ અને મંત્રી ગણ એટલે રાજા હિંદુસ્તાની. તે મંત્રીશ્રી બુલેટપ્રુફ ગાડીમાં બેસીને આવશે. બધે ટ્રાફિક જામ થઈ જશે. હોસ્પીટલની એમ્બુલન્સ જેવી સાયરનોના સંગીત રેલાશે. કરફ્યુ જેવી પરિસ્થિતિ ઊભી થશે. તમારા નિર્વાણદિનમાં લોકો હાડમારી ભોગવશે. પોલીસના દંડા ખાશે. પોલીશો વાહનોનું ચેકીંગ સઘન કરી દેશે. લોકો વગર શિયાળે મેથીપાક (દંડા) ખાશે. ને આપણા માનનીય અને આદરણીય મંત્રીશ્રીનું દરેક રીતે રક્ષણ કરવામાં આવશે.

બાપુ : છગન, લોકશાહી દેશમાં, લોકદ્રારા ચુંટાયેલા પ્રજાના જ પ્રતિનિધિને બુલેટપ્રફુ ગાડીમાં ફ્રવાની શી જરૂર છે ?

છગન : જરૂર છે બાપુ જરૂર છે. જુઓ તમે આખા દેશના પ્રતિનિધિ હતા, તોય લોકોએ તમારી છાતીમાં બે ગોળીઓ ધરબીને મારી નાખ્યા. તમે કયાં કોઈનું ખરાબ ચાહયું હતુ? બધા વર્ગોની સેવા કરતા હતા. તોય તમારું કામ તમામ કરી નાખ્યુ. ઢીશુમ ઢીશુમ કરી તમારું ઢીમ ઢાળી દીધું. આપણા મંત્રીશ્રીઓને એવો ભય કે ડર મનમાં ઘુસી ગયો છે કે ગાંધીજીએ તો લોકોની સેવા કરતા હતા તોય લોકોએ ટે દઈને ટે કરી ના ખ્યા ને ? આપણે તો સેવાની વાત ઘણી દૂરની વાત છે. એકલા મેવા જ લઈએ છીએ. આપણી દશા તો કેવી આવશે ? ગાંધીજી કરતાંય ભૂંડી આવશે એટલે થથરી ગયેલા રાજા હિંદુસ્તાનીઓ બુલેટપ્રુફ ગાડીમાં જ ફરે છે.

બાપુ : અરે ગાડાં છગન, મને મારનાર તો સાવ અણસમજુ હતો. અજ્ઞાની હતો. તેના માટે મને જરાય રાગ દ્વેષ નથી. પ્રભુ તેનું સદાય કલ્યાણ કરે.

છગન : બાપું, આપ તો મહાત્મા છો. દયાળું છો, ચાલો કાલે પાછા આવીશું.

(બન્ને બીજે દિવસે જોવા આવે છે. બાપુને કોઈ ઓળખી શકતું નથી. બધાને લાગે છે કે આજના દિવસે કોઈકને બાપુ બનાવ્યા લાગે છે "દેદી તુને આઝાદી બિના ખડગ બિના ઢાલ, સાબરમતી કે સંત તુને કર દિયા કમાલ" ગીત વાગતું હોય છે.)

બાપુ : છગન, ગઈકાલે તું ખરેખર સાચુ બોલતો હતો. આ લોકો નર્યા દંભી છે. માત્ર ખાદીનો ઝભ્ભો પહેર્યો છે. તેટલું જ છે.

છગન : બાપુ તમારી સાદગી તેમણે મોંઘી કરી છે. તેમના એક ઝભ્ભા માંથી તમારા એકવીસ ધોતીયા બની જાય.

બાપુ : છગન, મને લાગે છે કે મારા આદર્શો ખરેખર કોઈએ પચાવ્યા નથી. મારા અનુયાયીઓ આઝાદ ભારત મેળવીને સાવ ઠરેલ ઠીકરા જેવા થઈ ગયા છે. ને આજના નેતાઓ પ્રજાનું ખાઈ ખાઈ આબાદ પાડા જેવા બન્યા છે.

છગન : બાપુ હવે તમે તેમને બરાબર ઓળખ્યા લાગે છે.

બાપુ : છગન તો મારા આદર્શો ખરેખર કોઈએ પચાવ્યા નથી ? મારા મૂલ્યોનો હાસ થયો છે ? ના....ના...

છગન : બાપુ સાવ એવું થયુ તો નથી. તમારું પેલુ અગિયાર વ્રતો વાળું ભજન છે ને ? (બાપુ જાતે ગાય છે.)

સત્ય અહિંસા ચોરી ન કરવી.
વણ જોઈતું નવ સંઘરવું.
બ્રહ્મચર્યને જાતે મહેનત
કોઈ અડે નવ અભડાવું
અભય સ્વદેશી, સ્વાદ, ત્યાગને
સર્વ ધર્મ સરખા ગણવા
એ અગિયાર મહા વ્રતોને,
નમ્ર પણે દૃઢ આચરવા
સત્ય... અહિંસા.

છગન : બાપું, આ તમારા અગિયાર વ્રતો વિશે થોડું કહેવા માગું છું. ચાલો તમને એક ફોટો બતાવું (છગન બાપુને એક ફોટો બતાવે છે. જેણે ખૂબ ઓછા વ્રસ્ત્રો પહેર્યા છે.) જુઓ, બાપુ તમારા જીવનમાંથી આ રૂપસુંદરી એ તમારો આદર્શો અપનાવ્યો છે.

બાપુ : છગન, આ તુ શું બોલે છે ? આ સ્ત્રી તો એકદમ નિર્લજજ લાગે છે. અશ્લીલ દેખાય છે. મારો આદર્શ અને આને વળી... કઈરીતે ?

છગન : બાપુ જુઓ તમે કેવું પહેર્યું છે ? કેટલાક અંગ્રેજ તમને તે વખતે હાફ નેકડમેન (અર્ધ નગ્ન માણસ) કહેતા. બસ એ જ રીતે આ સુંદરીએ પણ તમારા પહેરવેશનો આદર્શ તેના જીવનમાં ઉતાર્યો છે. તેને આપણે હાફ નેકડ વુમન (અર્ધનગ્ન સ્ત્રી) કહીએ તો કંઈ ખોટુ નથી.

બાપુ : અલ્યા છગન, તું આવી રીતે મારા આદર્શોના આચરણની વાતો કરે છે. (હસતાં હસતાં) તું તો ખરેખર છગુન છે.

છગન : બાપુ આ ખરેખર છગુન એટલે શું ?

બાપુ : (હસતાં હસતાં) તને છગનની વ્યાખ્યા આપુ તે પહેલા ગણપતિની વ્યાખ્યા કહી દઉં. ગણપતિ એટલે ગુણપતિ. (જે તમામ ગુણો સદગુણોના પતિ છે.) એમ તારામાં પણ મને છ ગુણ દેખાય છે. એટલે તું છગુન - ટુંકમાં 'છગન'

છગન :: બાપુ તમે પણ કમાલ કરો છો. મારામાં કયા કયા છગુણ છે તે તો કહી.

બાપુ : છગન એ તો સમય આવે કહીશ પણ તું હજું મારા બીજા આદર્શો ભારતના લોકોએ અપનાવ્યા હોય તે કહી દે. ભાઈ...

છગન : હા, બાપુ સાભંળો ત્યારે જુઓ, સત્ય તો તમે સ્વર્ગમાં સાથે લઈ ગયા. બીજું અહિંસાનો તમારો આદર્શ તો લોકો હૈશો.. હૈશો. કરીને જીવે છે બોલે છે. પણ હૈશો. હૈશો... હૈશો.. હૈશો.. એટલે થોડો ઘણો બોલવામાં આદર્શ આવી જાય. બાપુ મુંબઈમાં કેટલાયને બોમ્બથી ઉડાવી દેનાર ત્રાસવાદી પણ પોતાને ગાંધીજીનો ચેલો ગણાવે છે. અહિંસામાં શ્રધ્ધા ધરાવે છે. તમારી અહિંસામાં વિશ્વાસ ધરાવે છે. ગીતાના સંદેશ મુજબ કદાચ તેના કર્મને અર્કમ બનાવ્યું લાગે છે. તમારી અહિંસાની વાત ત્રાસવાદીઓ કરે છે સારું જ કહેવાય ને 1 તમારો ત્રીજો સિધ્ધાંત ચોરી ન કરવી. તે પણ આજના નેતાગણ અને અધિકારીઓ સારી રીતે અમલ કરે છે. કોઈના ઘરમાં જઈ ચોરી કરતા નથી, પણ પોતાના ઘર કે ઓફિસે બોલાવી પ્રેમથી લે છે.બોલાવીને કહે બકા, તારી લાખ રૂપિયાની ગ્રાન્ટ સહાય રકમ મંજુર થાય તેમ નથી. તોય હું મંજુર કરું છું. એમાં પચાસ ટકા સબસીડી મળવાની છે. એટલે પચીસ હજાર અહી મને પ્રેમથી આપ અને આ લાખનો ચેક લેતો જા, પંચોતેર તારા, પચીસ મારા, પચીસનો ફાયદો તારો, પચીસનો ફાયદો મારો, " તું ભી રાજી, મેં ભી રાજી, બીચમે કયા કરેગા કાજી" , પચીસની સબસીડી તારી અને પચીસની સબસીડી મારી.

બાપુ : છગન તું આ શુ કહી રહયો છે ?

છગન : બાપુ, તમારા આદશોના અમલીકરણની ચર્ચા કરી રહયો છું. ચોરી કોઈ જ કરતું નથી, ખાતર કોઈ પાડતુ નથી. કોઈ મફતનું લેતું નથી. લેતુ હોય તે કોઈને કહેતુ નથી. હવે આગળ વણજોયતુ નવ સંઘરવું. તેના વિશે સાભંળો મોટા સાહેબ કે નેતા લોગ ને બે ત્રણ પાંચ બંગલા હોય છે. ત્રણ ચાર ગાડીઓ હોય છે.લાખો કરોડોની વાડીઓ હોય છે. પણ બાપુ બધુ જ તેમને જોઈતુ જ હોય છે. એટલે વણજોયતુ કેમ કહેવાય ? ત્રણ ગાડી હોય તો સામે ઘરમાં ત્રણ સભ્યો હોય દરેકને એક એક ગાડી તો જોઈએ ને ? બધુ જ જોઈતું હોય છે. તમારા આદર્શો તો અક્ષર:શ અમલ થાય છે.

બાપુ : છગન, બ્રહ્મચર્યની કંઈ વાત કર. તેમાં પણ આવી જ પોલીસી છે કે શું?

છગન : બાપુ હવે તે ઘરે ઘરે સ્ત્રી પુરુષ બ્રહ્મચારી થવા લાગ્યા છે, કોપર-ટી, ગર્ભનિરોધક ગોળીઓ અને કોન્ડોમ વગેરેનો બેરોકટોક ઉપયોગ કરીને સ્ત્રી પુરુષો સંયમ રાખે છે એટલે સંતતિનિયમન કરે ને, બધા બ્રહ્મચારી રહે છે. સરકાર પણ આ રીતે બ્રહ્મચારી બનાવવાની જાહેરાતો ટેલિવિઝન દ્રવારા પ્રયાસ કરે છે.

બાપુ : છગન, જાતે મહેનતનો આદર્શ મારા દેશના લોકો કેવી રીતે અમલ કરે છે?

છગન : ખૂબ જ સરસ મહેનત કરે છે. ટેબલ ઉપર પગાર આવે છે ને, ટેબલ નીચેથી હાથ લાંબો કરી તમારા ફોટાવાળી નોટોનું બંડલ પર્સમાં ધીમેથી સરકાવે છે. આટલી જાત મહેનત ઓછી છે બાપુ ? આટલી હિંમત ઓછી છે બાપુ? " બોલો જાત મહેનત ઝિંદાબાદ, હાથ મહેનત ઝિંદાબાદ,"

બાપુ : અરે છગન આ તો ભષ્ટ્રાચાર કહેવાય.

છગન : તમે તેને જે કહો તે બાકી આ રીતની હાથ મહેનત અને જાત મહેનત, દરેક ક્ષેત્રમાં, દરેક જિલ્લાની ઓફિસો, દરેક તાલુકાની ઓફિસ અને ગામડાની ઓફિસમાં જાત મહેનત ખૂબ ચાલે છે.

બાપુ : છગન, કોઈ અડે નવ અભડાવું એનું કઈ રીતે કામ ચાલી રહ્યું છે?

છગન : બાપુ આમાં પચાસ ટકા કામ થયું છે ખરું.

બાપુ : છગન : કેમ આમાં પાસ ટકા જ છગન ?

છગન : બાપુ ઉ.દા. આપુ કે કોઈ ગામના ફોગટકાકા પોતાના ગામમાં નીચલી ગણાતી કોમથી આઘા રહે . આભડછેટ લાગે. પણ તે જ ફોગટકાકા નીચલી કોમને લઈને, શહેરમાં હોટલોમાં જાય ને, ભેગા ભાણે જમે ખરા... ને રમે ખરા. ત્યાં કશુ લાગે નહી. હોટલોમાં બધાની એઠી રકાબીએ ચા પીવામાં વાંધો નથી પણ ગામડામાં પેલાને.. ઘેર ચોખ્ખું

પાણી પીવામાં વાંધો છે અને આવા જ ફોગટલાલો પહેલા કહયું તેમ વોટરપાર્કમાં નાત જાત બધું જ ભૂલી જાય છે એટલે બાપુ પચાસ ટકા કામ થયું છે. એમાં બાપુ સાહેબ તમારો અને બાબા સાહેબનો આભાર માનવો જ પડે. હવે અભયની વાત કરું છું. તેનો પણ સારો એવો અર્થ થાય છે.

બાપુ: સારો એવો એટલે કેવો ?

છગન : બાપું, પહેલા તમને પેલી જાત મહેનતવાળી વાત કરી એમાંય અભય આવી ગયો કે નહી ? કોઈની બીક જ નહી, પોલીસ સાહેબો, રસ્તામાં ગમે તેની ગાડી ઉભી રાખે, સઘન ચેકીંગ કરે. ના હોય તોય ગુનો લાગુ પાડી દે. ગાડીવાળાના ખીસ્સા ખંખેરી લે. રસ્તા વચ્ચે પેલો વિચારો વગર વાંકે ખંખેરાઈ જાય. બધાની જોતાં, તો તેમાં પેલા ખંખેરનારનો 'અભય' ખરો કે નહી ? તેની હિંમતની દાદ દેવી પડે ને ?

બાપુ: અરેરે.... છગન લોકો મારા આદર્શો આ રીતે અપનાવી રહયા છે. હજુ થોડા બાકી છે. સ્વદેશીની વાત કરું. વિદેશી એ.સી. કારમાં બેસીને, વિદેશી કપડાં પહેરી, વિદેશી ખુરશીમાં બેસીને, વિદેશી માઈકમાં 'સ્વદેશી' અપનાવવાની વાત કરે છે તે 'સ્વદેશી' ની વાતો કરવા વાળા કેટલા મહાન કહેવાયને બાપુ ?

છગન : છગન, તુ તો મારા આદર્શોને વખાણે છે કે વગોવે છે? એજ ખબર પડતી નથી.

છગન : બાપુ હું તો આપણા દેશના લોકો તમારા આદર્શોનો કઈ રીતે અમલ કરી રહયા છે તેનો બાયોડેટા તમારા કહેવાથી સંભળાવી રહયો છે. બાકી હું રહ્યો એક સફાઈ કામદાર મને વળી તમારા આદર્શોની શું ખબર પડે ?

બાપુ: હવે સ્વાર્થ, ત્યાગ અને સર્વ ધર્મ સરખાની પણ વાત બાકી ના રાખ.

છગન : બાપુ ખરેખર લોકો સ્વાર્થ ત્યાગનાર છે. વારાફરતી રાજા હિંદુસ્તાની બને છે. ખેરવાય કે ખંખેરાય તેટલું ખંખેરે છે. બધાને ચાન્સ આપે છે. " વારા ફરતી વારો, તારા પછી મારો " કોઈ એક પક્ષ સ્વાર્થી બન્યો નથી. બાપુ બધા એકબીજાને વારો આપી એકલા કંઈ ખવાય ? એ નાતે પોતાનો સ્વાર્થ ત્યજીને પણ સૌને ભેગુ કરવાનો મોકો આપે છે. અને છેલ્લુ બાપુ સર્વ ધર્મ વાળાને સરખા ગણવા મોટા ભાગના અધિકારીઓ ગમે તે ધર્મનો પોતાની પાસે કામ કઢાવવા આવે. કોઈ ઉંચ-નીચ કે ભેદભાવ રાખ્યા વિના બકરો વધેરી જ નાખવાનો, સર્વ ધર્મના લોકોને સરખા ગણીને, બધાને ગંજીટીના ઝાડ પરથી ગંજેટા ખંખેરીએ તેમ ખંખેરી જ નાખવાના. કોઈનેય બાકી નહી રાખવાને? સર્વ ધર્મ સમભાવ - ગાંધીજીનો મિન્સ તમારો આદર્શ વ્યવસ્થિત રીતે અપનાવી રહ્યા છે.

બાપુ: છગન,બસ હવે મારાથી વધારે સાંભળાતું નથી સંભળાય તેવું નથી. તે જે પ્રમાણે વર્ણન કર્યું અને મે જાતે અનુભવ્યું તે પરથી મારે કહેવુ પડશે કે હજું મારા જેવો બીજો ગાંધી આંધી બનીને આવે તોય આ દેશને બચાવી શકશે કે કેમ ? તેની મને શંકા છે ?

છગન : બાપુ તમે કહો છો તેમ આપણી સુપ્રિમ કોર્ટના જજ પણ એકવાર કંઈક આનાથી વિશેષ બોલેલા એવું કંઈક સમાચારપત્રોમાં વાંચેલું કે ભગવાન ખુદ પોતાનો અવતાર ધરીને આવશે તો ય ભારતને બચાવી શકશે નહી. તેટલું ખદબદી રહયું છે. હવે તો હદ થઈ ગઈ કહેવાય ને બાપુ ?

બાપુ : છગન હવે મને ભારતમાં વધારે જાણવામાં રસ નથી. મે અહી અનુભવ્યુ કે કોઈને ગામડાં સધ્ધર લાવવામાં રસ નથી. બધા જ શહેર ભણી ભાગે છે. દોડે છે. પ્રજાના પ્રતિનિધિઓને પાટનગરમાં બંગલા બાંધી પડયા રહેવા મળે છે, તેમાં જ રસ છે. લોકશાહીની પધ્ધતિ જ એવી છે કે સરકારી અમલદારોને શહેરમાં કામ કરવામાં મોટો બેનીફીટ સરકાર આપી રહી છે. દરેક ધંધાવાળો, નોકરીયાત, ઉદ્યોગપતિ, બેરિસ્ટર, ડોકટર, કે અમલદારને શહેર છૂટતુ નથી. તેમનો કોઈ દોષ મને દેખાતો નથી. અમલદારોને અને કર્મચારીને સીટી એલાઉન્સ આપીને ગામડાથી ઉદાસીન કરી દીધા છે. ખરેખર નજીકના ગામડા થોડું વિલેજ એલાઉન્સ, સીટી કરતાં વધારે અને દૂરના ગામડામાં કામ કરનાર તમામ કર્મચારી માટે સારામાં સારું વિલેજ એલાઉન્સ આપવાની મને જરૂર લાગે છે. શહેરીકરણ જ ને મહત્વ આપી, હજારો વોલ્ટેજ વિધુતનો બગાડ સરકાર કરી રહી છે. તેની સામે હજારો ગામડાઓ હજુ

અંધારપટમાં છે. સાચીદ્રષ્ટિ કયારે આવશે ? સરકારની આખો કયારે ઉઘડશે ? બસ છગન મને હવે સત્વરે સ્વર્ગમાં પાછા જવું પડશે. હું ખૂબ ચિંતિત થઈ ગયો છું.

છગન : બાપુ તમે પણ ફસડી ગયા કે શું ? કેમ ભારત જોવુ નથી. અમદાવાદની જ રીટર્ન ટિકીટ લઈને આવ્યા હતા કે શું?

બાપુ : ના... છગન.. ના હું ફસકી ગયો નથી પણ ચિંતાતુર થયો છું. હું તે કોઈ રીટર્ન ટીકીટ લઈને આવ્યો ન હતો પણ હવે ફરીથી ચોક્કસ આવીશ, રીટર્ન ટિકિટ વગર.....

છગન : બાપુ, તમે શું કહો છો ખબર પડતી નથી.

બાપુ : છગન હું પાછો જઉ છુ ખરો.... પણ ફરીથી પુરી તાકાત સાથે પાછો ફરવાનો છું. આ મારો નિશ્ચય નિર્ધાર છે. ફરીથી હું જન્મ લઈશ. પ્રભુ પાસેથી એવુ વર માગીને આવીશ ને.. ભારત માટે સો... નહી હજાર વાર મરવું પડે તો મરીશ, જન્મવું પડે તો જન્મીશ પણ ભારતને અંધકાર માંથી બહાર કાઢીને ઉજજવળ કરીને જ ઝંપીશ . હું જાઉ છું છગન મારો સમય પુરો થયો છે. સ્વર્ગમાં રહેવા નથી જતો પણ પાછો આવવા જ જાઉં છું. ફરી મળીશું.... ફરી કોઈ રીતે બાય, બાય, છગન...

છગન : ગુડ બાય બાપુ... પણ છેલ્લે મને એ તો કહેતા જાવ કે મારામાં 'છગુન' કયા કયા છે ? હું છગન કઈ રીતે ?

(સમાપ્ત)

આજા માનવના જય ભગવાન જય પરમાત્મા.
(વૈશ્વિક જીવન દર્શની )
" અંતરની એરણ થી "